

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સ્વ-પ્રચારનો ઉન્માદ, બેકાબૂ બનતો જાય છે!*
*ફોટા પ્રસિદ્ધિનો શોખ, બેકાબૂ બનતો જાય છે!*
*બેકાબૂ કોરોના જેમ વધ્યો સંભ્રમણ ચેપ -*
*નેતાજીનો દુરાગ્રહ - બે-કાબૂ બનતો જાય છે!*

### હાઈકુ

*પડી અંડશ?*
*- સેલ્ફ કોરોન્ટાઈન!*
*થયા ચાણક્ય ??*

*શેતરંજમાં*
*હવે દોડશે ઘોડો -*
*બદલી ચાલ?!*
*(ઊંટના વાંકાચૂંકા પગલાંનું હવે કામ નથી!!)*

### ચિંતન

**ન ભેદં જન્યૈ યુવૈ તૃનાર્યોઃ સ્વામિ ભૃત્યયો ।**
**ભ્રાતૃણાં ગુરુશિષ્યાણાં ન કર્યુઃ પિતૃ પુત્રયો ॥**

**ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**પતિ-પત્ની, સ્વામી-સેવક, ભાઈ-ભાઈ, ગુરુ શિષ્ય, પિતા-પુત્ર, સાસુ-વહુ, બહેનો અને અન્ય પારિવારિક સંબંધોમાં વિખવાદ ઊભો થાય એવું વર્તન કરવું જોઈએ નહીં, કુટુંબ - પરિવાર અને સંબંધોમાં ફૂટ પડે એવો વ્યવહાર પણ કરવો જોઈએ નહીં.**

**સંબંધો- વહેવારોમાં નિર્વ્યાજ નિખાલસ સંબંધો હોય, કોઈ પણ જાતની આશા-અપેક્ષા ન હોય, સ્તરભેદ ન હોય, અમે મોટા કે તમે નાના, અથવા અમે ગરીબ - તમે ધનિક, અમે સત્તાધારી તમે ગુલામ આવા ભેદભઆવ ન હોય, કોઈ જાતની ગુપ્તતા, છુપાવવું, આ વાત કહેવી ને આ ન કહેવી, આવા અંતર રહેતા હોય ત્યાં સંબંધોમાં નિખાલસતા રહેતી નથી.**

**ક્ષમા, ધીરજ, ત્યાગ, સહનશીલતા હોય તો જ સંબંધમાં નિકટતા અને નિખાલસતા આવે.**

### સુવિચાર

- જયારે પરિસ્થિતિ બદલાઈ જાય છે ત્યારે રણનીતિ બદલવામાં કંઈ ખોટું નથી - **કૌટિલ્ય**
- બાબા અમરનાથ સમજાવે... સાંભળો જીવનનો મિનિંગ...
  શરીર એ જ બરફનું પીગળતું 'શિવલિંગ' - **મૃગાંક શાહ**
- માત્ર તમારા કથનથી નહીં તમારી કરણીથી તમે તમારાં બાળકોને શિક્ષણ આપો - **જનકલ્યાણ**
- જેને ગુલાબ જોઈએ છે તેણે કાંટાનો આદર કરવો જ જોઈએ - **શ્રીલંકન કહેવત**
- સંતાનોને કડક શિસ્તના પાઠ ભણાવ્યા પછી તેમને ઉષ્માભેર ભેટવાનું ભૂલશો નહીં - **જેક્શન બ્રાઉન**
- પ્ર : આત્મિક વિકાસનો માપદંડ? ઉત્તર : ક્ષમા પ્રદાન અને પ્રેમ પ્રદાન - **આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી**
- આજનું ઔષધ : કેમિકલ વગરનો ગોળ સાથે કાળા તલ પાણીમાં દસ મિનિટ ઉકાળી તે પાણી ચાર વખત પચાસ મિલિ રોજ પીવાથી માસિક ધર્મ બરાબર આવે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક પચાસેક વર્ષના માણસને મોડી સાંજે અંધકારમાં નિર્જન રસ્તા પર પસાર થવાનું થયું. દૂરથી કોઈ છોકરીનો મદદ કરવા માટેનો પોકાર સંભળાયો. કોઈ હસવખોર યુવાનો તેની લાજ લૂંટવા કોશિશ કરતા હોય તેવી તે માણસને શંકા ગઈ.

પહેલા તેને વિચાર આવ્યો કે મદ કરવા તે દોડી જાય. પછી તે ગુંડાઓના હુમલાથી ભયભીત થઈ ગયો. પણ ફરી પાછી તેની અંદરની નૈતિક ફરજની લાગણી પ્રબળ બની અને વિચાર આવ્યો કે ભલે તેના ઉપર હુમલો થાય પણ પેલી અબળાને બચાવવી જ પડશે. તેણે અવાજની દિશામાં દોડ લગાવી. ગુંડાઓએ તેના ઉપર હુમલો કર્યો. થોડું વાગ્યું પણ છોકરી બચી ગઈ. અને ગુંડાઓ ભાગી ગયા.

બત્તીના આછા અજવાળામાં તે અબળાનું મુખ દેખાયું ત્યારે તે ચોંકી ગયો કે જે છોકરીને તેણે બચાવી હતી તે તેના મોટા ભાઈની દીકરી જ હતી.

જયારે આપણે ધર્મ સમજીને બીજાને મદદ કરીએ છીએ ત્યારે જાણે-અજાણે પોતાની જાતને જ મદદ કરતા હોઈએ છીએ.

# ઉદ્ધવ સરકારનો ટીકાપાત્ર અભિગમ

**તંત્રીસ્થાનેથી...**

સુશાંતસિંહ રાજપૂત આશાસ્પદ અભિનેતા હતો. એની પ્રેમિકા સાથે બોલાચાલી થઈ એટલે એ એને છોડીને ચાલી ગઈ હતી. એથી હતાશામાં સરી ગયેલા યુવાન અભિનેતાએ આત્મહત્યા કરીને જીવનનો અંત આણ્યો કે એને આત્મહત્યા માટે ઉશ્કેરવામાં આવ્યો કે પછી આયોજન પૂર્વક એનો કાંટો કાઢી નાખવામાં આવ્યો એ રહસ્યમય ઘટના છેલ્લા કેટલાય સમયથી મીડિયાની હોટ સ્ટોરી બની ગયેલ છે. કંગના રનૌત નામની એક નવી અને લોકપ્રિય અભિનેતીએ સુશાંતની 'હત્યા' માટે જવાબદાર લોકો સામે મોરચો માંડ્યો હતો. કંગનાને મોદી સરકારે પદ્મશ્રી સમ્માનથી નવાજી છે અને એના આખાબોલા તથા આક્રમક અભિગમને કારણે દેશનો યુવા વર્ગ એના તરફ સદ્ભાવ ધરાવે છે. કંગનાએ લીધેલા આક્રમક વલણમાં સીધો જ ઘા મુંબઈની અસ્મિતા પર અને શિવસેના તથા શિવસેના સુપ્રીમો તથા મહારાષ્ટ્રના વર્તમાન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પર થતો વપતાતો રહ્યો છે એની ભાષા અવિવેકી છે અને એમાં કશું લોજિકલ તથ્ય શોધ્યું જડે એમ નથી. એક અભિમાની સ્ત્રીથી વધારે - એના નિવેદનોથી - કોઈ ઈમેજ ઊભી થતી નથી. પરંતુ કેન્દ્ર સરકારને મહારાષ્ટ્ર સરકારને ઝુકાવવી છે - ઉદ્ધવ ઠાકરે નાક રગડતા દિલ્હી દરબારમાં આવે અને કોંગ્રેસનો સંગ છોડી ભાજપના ટેકાથી મુખ્યમંત્રી પદે ચાલુ રહે એવી સ્થિતિનું સર્જન કરવું છે, એટલે સુશાંતના કહેવાતા રહસ્યમય મોતની તપાસ મહારાષ્ટ્ર પોલીસ પાસેથી લઈ સીબીઆઈને સોંપી છે. સુશાંત બિહારનો વતની હોઈ એના મોતના સવિશેષ કોંગ્રેસ વિરુદ્ધ ઊભી કરે દેવાનું મેલું રાજકારણ ખેલાઈ રહ્યું હોવાની શક્યતા પણ નકારી શકાય એમ નથી. કંગનાની વ્યાવસાયિક ઓફિસના કહેવાતા ગેરકાયદેસર બાંધકામને ટૂંકી નોટીસમાં તોડી પડાવી ઉદ્ધવ ઠાકરેએ છાણે વીંછી ચડાવ્યા જેવું કર્યુ છે. સરકાર એમ કહીને હાથ અધ્ધર કરી દે કે એ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકાર ક્ષેત્રનો મામલો હતો તો પ્રજા તો એમ જ માનશે કે રાજ્ય સરકારના શાસક પક્ષ શિવસેનાની જ બીએમસી પર પણ સત્તા છે. કંગનાએ એના ઉગ્ર સ્વભાવ અને બાલિશ વર્તાવથી શિવસેના તથા ઉદ્ધવ ઠાકરે સામે જ નહીં, બલકે મુંબઈ મહાનગર વિશે પણ ગલીચ ભાષા વાપરી હતી. મુંબઈને એણે પાક ઓક્યુપાઈડ કાશ્મીર - POK કહી દેશની રાજધાનીનું અપમાન કર્યુ હતું, જે કોઈ પણ ભારતીય નાગરિકને કઠે એવી બાબત હતી. શિવસૈનિકો એની ઉશ્કેરાયા. સુશાંત કેસમાં જુનિયર ઠાકરેની સંડોવણી અને બોલીવુડની ચસમપોશી પણ ચર્ચામાં હોઈ એણે બેફામ આક્ષેપ બાજી કરવા માંડી અને ત્યાં સુધી કઈ દીધું કે મુંબઈ મારા જેવી વ્યક્તિ માટે સલામત નથી રહ્યું. એટલે ખુદ મહારાષ્ટ્રના ગૃહમંત્રીએ એવું નિવેદન આપી દીધેલું કે કંગનાને મુંબઈ સલામત ન લાગતું હોય તો એણે અહીં રહેવાનું છોડી દેવું જોઈએ. ઉદ્ધવ ઠાકરે સામે કંગનાએ કાઢેલા બખાળા કોઈ પણ ભણેલગણેલ નાગરિકના મોઢામાં શોભે એવા નથી. કંગના શિવસેનાને ગુંડાગીરી માટે ભાંડે ત્યાં સુધી સમજાય, પરંતુ રાજયના ચૂંટાયેલા નેતા વિશે તુંકારા કરી એલફેલ અભદ્ર ભાષામાં ટપોરી બ્રાન્ડ પડકારો ફેંકતી ફરે ત્યારે એની વિકૃત માનસિકતાનું જ પ્રદરશન કરતી લાગે.

શરદ પવાર જેવા શાણા વડીલે રાજય સરકારને આ મુદ્દે હળવો ઠપકો પણ આપ્યો છે. મુંબઈમાં ઘણા ગેરકાયદેસર બાંધકામ થતાં રહે છે. એમની વિરુદ્ધ કોર્પોરેશન કડક પગલાં ભરે, બાંધકામ તોડી પાડે તે કાયદેસરની બાબત હોય તો પણ કંગના જેવી બટકબોલી હીરોઈનના કેસમાં થોડું સંયમપૂર્વક વર્તવાની જરૂર હતી. આ તો કંગનાએ શિવસેનાને 'સોનિયા સેના' કહી અને ઉદ્ધવ ઠાકરોને અપશબ્દો બોલી ઉતારી પાડવાની બાલિશ ચેષ્ટા કરી એની તાબડતોબ 'સરકારી પ્રતિક્રિયા' જ લાગે. એથી મીડિયા એને ચડાવી મારે અને સરકારની ઈમેજને ઝાંખપ લાગે. કોણ જાણે ઉદ્ધવ ઠાકરેને એમના બ્રાંદ્રા પંથકમાં જ રહેતી અને બખાળા કાઢતી આ સેલિબ્રિટી સામે આવું વેર વાળવાનું કેમ સૂઝયું હશે!

# સંખ્યા અને સુવિચારનો સંયોગ






**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

એક - કોઈ માણસ એકલો ભરપેટ જમે અથવા એકલો સારા વસ્ત્રો પહેરી લે; અને નોકરોને આમાનું કશું ન આપે, તો આનાથી વધુ નિર્દય કોણ હોઈ શકે?

બે - આ બે કામો કરનારો મનુષ્ય આ સંસારમાં શોભી ઊઠે છે; કોઈને કડવું નહિ કહેવાનું અને દુષ્ટનું સન્માન નહિ કરવાનું.

ત્રણ - બીજાની સંપત્તિ પડાવી લે, બીજાની પત્ની સાથે સંપર્ક કરે અને પોતાના મિત્રને છોડી દે - આ ત્રણ દોષો એનો વિનાશ કરે છે.

ચાર - શક્તિશાળી રાજાએ ચાર બાબતો જાણી લેવી અને છોડી દેવી. આ ચાર સાથે મંત્રણા નહિ કરવાની - ઓછું જાણનારાઓ, આળસુઓ, ઉતાવળિયાઓ અને ચાપલૂસી કરનારાઓ.

પાંચ - હે ધૃતરાષ્ટ્ર! આ પાંચની દરેક માણસે કાળજીપૂર્વક સેવા કરવી. તે પવિત્ર અગ્નિ સમાન છે. પિતા, માતા, પૂજા સમયનો અગ્નિ, પોતાનો આત્મા અને પોતાનો ગુરુ.

છ : ઈર્ષા કરનારો, દયા વગરન, સંતોષ નહિ રાખતો, ક્રોધ કરનારો, કાયમને માટે શંકાઓ કર્યા કરતો, બીજાના ભાગ્યને આધારે જીવનારો - આ છ મનુષ્ય કાયમને માટે દુઃખી જ રહે છે.

સાત - આ સાત દોષો રાજાને કાયમને માટે છોડી દેવા. એ આપત્તિજનક દોષો છે. રાજયમાં સ્થિર થયેલો હોય એવો રાજા પણ નાશ પામી જાય. પરસ્ત્રી સંપર્ક, વધુ પડતી કઠોર સજા અને રાજસંપત્તિનો દુરુપયોગ.

આઠ - આ આઠ સદ્ગુણ મનુષ્યનો યશ વધારે છે - બુદધિ, કુલીનતા, સંયમ, વિદ્યા, પરાકર્મ, ઓછું બોલવુ, પોતાની શક્તિ મુજબનું દાન અને કૃતજ્ઞતા.

નવ - આ શરીર છે, એ ઘર છે. એને નવ દ્વાર છે. ત્રણ થાંભલા છે. પાંચ સાક્ષી છે. આત્મા અનો સ્વામી છે. આને જે જાણી લે છે, એ પરમ વિદ્વાન છે.

દશ - હે ધૃતરાષ્ટ્ર! આ દશ લોકો ઘર્નો જાણતા નથી. તું આ લોકોને ઓળખી લે. સમજુ લોકો આમના સંપર્કમાં રહેતા નથી. નશો કરનારા, બેદરકાર, પાગલ, થાકેલા, ક્રોધી, ભૂખ્યા, ઉતાવળિયા, લોભિયા, ભય પામેલા અને લાલચુઓ.

ધૃતરાષ્ટ્રને ચિંતા હતી. દુર્યોધન સમાધાન ન સ્વીકાર્યુ એટલે યુદ્ધ થવાનુંછે. સંજય સમાચાર લાવ્યો છે કે પાંડવોની સેના કૌરવો કરતાં ચડિયાતી છે. એણે ધર્માત્મા વિદુરને બોલાવ્યા. વિદુરે એને નીતિનો ઉપદેશ આપ્યો. મહાભારતમાં આ ભાગ 'વિદુરનીતિ' તરીકે ઓળખાય છે.

- ઉદ્યોગપર્વ, અધ્યાય ૩૩ થી ૪૦

ઉપર્યુક્ત અંશ 'વિદુરનીતિ'માંથી છે. પહેલા અધ્યાયમાં આનો સમાવેશ થયો છે. સંખ્યા અને સુવિચારનો સરસ સંયોગ છે.

# મહાગુજરાત પરિષદના ઉપપ્રમુખ કોણ હતા?



**ખજાનો**

અનિલ પટેલ

## મહાગુજરાત આંદોલન

૧ મહાગુજરાત જનતા પરિષદનું છેલ્લું અધિવેશન વિસનગર ખાતે કયારે યોજાયું હતું?
(અ) ૧૭ ઓગસ્ટ, ૧૯૬૦ (બ) ૨૦ માર્ચ ૧૯૬૦
(ક) ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૦ (ડ) ૩૦ એપ્રિલ ૧૯૬૦

૨ વડોદરામાં કોની સભાની સામે સમાંતર સભાઓ યોજાઈ હતી?
(અ) જવાહરલાલ નહેરુ (બ) ડૉ. રાધાકૃષ્ણન્
(ક) હિતેન્દ્રભાઈ દેસાઈ (ડ) ઈંદિરા ગાંધી

૩ શહીદ સ્મારક સત્યાગ્રહ કયારે શરૂ થયો હતો ?
(અ) ૧લી ઓગસ્ટ,૧૯૫૮ (બ) ૮ ઓગસ્ટ, ૧૯૫૮
(ક) ૨૦ ઓગસ્ટ, ૧૯૫૮ (ડ) ૧૭ ઓગસ્ટ, ૧૯૫૮

૪ ૨જી ઓકટોબર ૧૯૫૬ના રોજ યોજાયેલ સમાંતર સભામાં નીચેનામાંથી કયા નેતાનું ઉદ્બોધન ન હતું?
(અ) ઈન્દુલાલ યાજ્ઞિક (બ) પ્રબોધ રાવળ
(ક) બ્રહ્મકુમાર ભટ્ટ (ડ) સનત મહેતા

૫ શહીદ સ્મારક આંદોલન દરમિયાન કયા મહાનુભાવે ઓરિસ્સા રાજયમાંથી સત્યાગ્રહીઓ મોકલવા મંજુરી માંગી હતી ?
(અ) વિનોબા ભાવે (બ) મોહન મિત્રા
(ક) ડી. જી. દારાસ્વામી (ડ) પ્રવીણ ચાલીસ હજારે

૬ ઈન્દુલાલ યાજ્ઞિક કે હરિહર ખંભોળજા મુંબઈ તો મહારાષ્ટ્રનું છે... આ વિધાન કોનું છે?
(અ) બાલા સાહેબ ઠાકરે (બ) શરદ પવાર
(ક) સર પુરુષોત્તમ દાસ (ડ) માવલંકર

૭ મહાગુજરાત આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવનાર મહિલાઓણાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?
(અ) ઈલા ભટ્ટ (બ) ચારુમતીબેન યોદ્ધા
(ક) વિનોદિની નિલકંઠ (ડ) વીરબાળા બહેન નાગરવાડિયા

૮ પુના કરાર સમજુતિમાં મહાગુજરાત જનતા પરિષદના પ્રતિનિધિ તરીકે નીચેનામાંથી કયા નેતા સામેલ ન હતા ?
(અ) ઈન્દુલાલ યાજ્ઞિક (બ) હરિહર ખંભોળજા
(ક) પ્રબોધ રાવલ (ડ) સનત મહેતા

૯ 'મહાગુજરાત મારા મડદા પર જ થઈ શકશે' એવું સ્ફોટક નિવેદન કોણે આપ્યું હતું?
(અ) જવાહરલાલ નહેરુ (બ) મોરારજીભાઈ દેસાઈ
(ક) હિતેન્દ્ર દેસાઈ (ડ) સર પુરુષોત્તમદાસ

૧૦ મુંબઈ દ્વિભાષી રાજયના વિભાજન બિલને રાજયસભાએ કયારે પસાર કર્યુ ?
(અ) ૨૭ ઓગસ્ટ, ૧૯૫૯ (બ) ૨૭ સપ્ટેમ્બર, ૧૯૫૯
(ક) ૨૦ એપ્રિલ, ૧૯૬૦ (ડ) ૨૩ એપ્રિલ, ૧૯૬૦

૧૧ અલગ ગુજરાત રાજયની સ્થાપના કયારે કરવામાં આવી?
(અ) ૨૩ એપ્રિલ, ૧૯૬૦ (બ) ૧ મે, ૧૯૬૦
(ક) ૧૫ ઓગસ્ટ, ૧૯૬૦ (ડ) ૨૬ જાન્યુઆરી, ૧૯૬૦

૧૨ મહાગુજરાત આંદોલનની વિરુદ્ધમાં ઉપવાસ પર ઉતરેલા મોરારજી દેસાઈને કોણે પારણા કરાવ્યા હતા ?
(અ) સવિતાબેન અમીને (બ) શેઠ રતિલાલ ખુશાલદાસે
(ક) સર પુરુષોત્તમ દાસે (ડ) અમૃતલાલ હરગોવન દાસે

૧૩ મહાગુજરાત પરિષદના પ્રમુખ કોણ હતા ?
(અ) હિંમતલાલ શુક્લ (બ) ઈન્દુલાલ યાજ્ઞિક
(ક) દિનકર મહેતા (ડ) હરિહર ખંભોળજા

૧૪ મહાગુજરાત પરિષદના ઉપપ્રમુખ કોણ હતા ?
(અ) સનત મહેતા (બ) બ્રહ્મકુમાર ભટ્ટ
(ક) ઈન્દુલાલ યાજ્ઞિક (ડ) હરિહર ખંભોળજા

૧૫ મહાગુજરાત જનતા પરિષદનું વિસર્જન કયારે કરાયું?
(અ) ૨૦ માર્ચ ૧૯૬૦ (બ) ૨૦ એપ્રિલ, ૧૯૬૦
(ક) ૧ મે, ૧૯૬૦ (ડ) ૨૦ મે, ૧૯૬૦

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૧ સપ્ટેમ્બર :**
  રણજિતરામ સુવર્ણચંદ્રક વિજેતા હાસ્ય સમ્રાટ લેખક જયોતિન્દ્ર દવેનું નિધન (૧૯૮૦)
  કર્તવ્યશીલ - સમાજ સુધારક, આચાર્ય વિનોબાભાવેનો જન્મદિવસ (૧૮૯૫)
  તમિલ, તેલુગુ અને મલયાલમ ફિલ્મોની લોકપ્રિય અભિનેત્રી શ્રીયા સરનનો જન્મદિવસ (૧૯૮૨)
- **૧૨ સપ્ટેમ્બર :**
  અસ્પૃશ્યતા નિવારણ માટે જીવન સમર્પિત કરનાર પરીક્ષીતલાલ મજમુદારનું નિધન (૧૯૬૫)
  - ઈન્દિરા ગાંધીના પતિ અને સમાજવાદી, બિન સાંપ્રદાયિક લોકશાહીના વિચારક ફિરોઝ ગાંધીનો જન્મદિવસ (૧૯૧૨)
  - ભારતીય લશ્કરે હૈદરાબાદ પર ચઢાઈ કરી (૧૯૪૮)
  - ભૌતિકશાસ્ત્રના વૈજ્ઞાનિક લીઓ મિલાર્ડે ન્યૂક્લિયર ચેઈન રિએકશનની શોધ કરી.
- **૧૩ સપ્ટેમ્બર :**
  - ભારતીય કવિ અને સંસ્કૃતિની નવી પ્રતિષ્ઠાન કરનાર ડૉ. આનંદકુમાર સ્વામીનું નિધન (૧૯૪૭)
  - દિલ્હી બોમ્બ બ્લાસ્ટમાં ૩૦ લોકોના મૃત્યુ ૧૦૦થી વધુ ઘાયલ થયા (૨૦૦૮)
  - ક્રિકેટના સર્વશ્રેષ્ઠ લેગ સ્પીનર શેનવોર્ડનો જન્મદિવસ (૧૯૬૯)
- **૧૪ સપ્ટેમ્બર : હિન્દી દિવસ / અંધજન દિવસ**
  - નોબલ પુરસ્કાર સન્માનિત રશિયાના ઈવાન પેટ્રોવિચ પાવલૉવનો જન્મદિવસ (૧૮૪૯)
  - 'ડિવાઈન કોમેડી' જેવા અમર મહાકાવ્યના સર્જન દાન્તે એલી લીમેરીનું નિધન (૧૩૨૧)
  - ક્રિકેટર રોબિન સિંહનો જન્મદિવસ (૧૯૬૩)
- **૧૫ સપ્ટેમ્બર :**
  - ભારતીય ઈજનેરી વિજ્ઞાનની પ્રગતિને વેગ આપનાર પ્રતિભાવના ઈજનેર મોક્ષગુડમ વિશ્વૈરૈયાનો જન્મદિવસ (૧૮૬૧)
  - દ્રવિડ આંદોલનના જનક સી.એન. અન્નાદુરાઈનો જન્મદિવસ (૧૯૦૯)
  - દેવદાસ, પરિણીતા, જેવી અમર રચનાઓના સર્જક શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મદિવસ (૧૮૭૬)
  - બ્રિટીશ વૈજ્ઞાનિક એલેકઝાન્ડર ફલેમિંગે પેનિસિલિનની શોધ કરી (૧૯૨૮)
- **૧૬ સપ્ટેમ્બર : વિશ્વ ઓઝોન દિવસ / વિશ્વ શાંતિ દિવસ**
  - 'પદ્મભૂષણ' સન્માનિત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્તિ ગાયિકા સુબ્બોલક્ષ્મીનો જન્મદિવસ (૧૯૧૬)
  - કવિ અને નાટયક્ષેત્રે ગુજરાતી સાહિત્યનાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર શ્રીકૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મદિવસ (૧૯૧૧)
- **૧૭ સપ્ટેમ્બર :**
  - ભારતના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ (૧૯૫૦)
  - ૨૦૦૦ કિ.મી.ના તોફાની સાગરને પાર કરવાની સ્પર્ધામાં પ્રથમ આવનાર ઈંગ્લેન્ડના સરફ્રાન્સીસ ચિચેસ્ટનો જન્મદિવસ (૧૯૦૧)
  - આયુર્વેદાચાર્ય બાપાલાલ વૈદ્યનો જન્મદિવસ (૧૮૯૬)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**શિલ્પ સ્થાપત્યનો બેનમૂન નમૂનો એવી પાટણની 'રાણકી વાવ' કોણે બંધાવી હતી?**
**જવાબ : રાણી ઉદયમતી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ. સા.કૉલેજ (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) મીત પટેલ : સે-૨૩

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં વિવાદોથી ઘેરાયેલ ફિલ્મ અભિનેત્રી કંગના રાનાવતે કઇ ઐતિહાસિક ફિલ્મમાં મુખ્ય ભૂમિકા અદા કરી હતી?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મન તું કાહે ના ધીર ધરે!



**હળવે હૈયે**

પ્રકાશ લાલા

જીવનમાં આપણી ધારણા પ્રમાણે હંમેશાં બધું થતું નથી એવી પાકી ખબર હોવા છતાં ધારી લેવાનું નથી ને ધારણા પ્રમાણે વર્તવાનું ચાલુ રાખીએ છીએ. ઘણીવાર એના કારણે જે લોચા વાગે તે જોઈ હસવું કે રડવું એ સમજાતું નથી.

રામલાનો રોજનો વાસણ માંડવાનો સમય થયો હોય એટલે ઝાંપો ખખડે ત્યારે એ જ હશે એમ ધારી લઈ ગૃહિણી બૂમ પાડે : 'હા, વાસણ થી ગયા છે....ચોકડીમાં મૂકી દીધાં છે, રામું...

ને ઝાંપાના ખુલવાના અવાજ પછી, ડોરબેલ રણકે ત્યારે પેલી પૂર્વધારણા પ્રમાણે જ 'રામુ, શું છે? કહ્યું તો ખરું કે વાસણ થઈ ગયા છે. સંભળાતું નથી?' એવું ચીડથી કહેતા બારણું ખોલે અને સામે રામતો ન હોય ત્યાં ઊભેલા મહેમાન બોલે કે, 'રામલો નહીં, વાસંતીબેન.. હું છું...' જો એ જોઈ સાંભળી વાસંતીબેન વિલાઈ જાય કે નહીં ? આ મોંકાણ ધારણાએ જ સર્જીને !!

લેન્ડલાઈન ફોન રણકે સામેથી સંભળાય : 'નટુ બોલું ફોન ઉપાડનાર ધૈવતનો ભાઈ રૂષભ છું....' ને તરત જ બોલી ઊઠે : 'નટિયા, તું ?'

'નટુ' એટલે ભાઈ ધૈવલનો ફ્રેન્ડ જ છે એમ ધારી ને રૂષભ ચલાવીએ :

'નટિયા, કયાં ખોવાઈ ગયો છે, હેં ? બહુ દિવસે ધૈવતની યાદ આવ્યો...? ધૈવત તો બહાર ગયો છે... હું કરીના કે નટિયા નટિયાનો ફોન હતો...'

ત્યાં વચ્ચે અટકાવી સામા છેડેથી સ્પષ્ટતા થાય : 'અરે, હું નટુભાઈ શાહ - સી.એ. બોલું ચું. મારે તારા પપ્પા પરિમલભાઈનું કામ છે...'

એ સાંભળી રૂષભ ભારે બફાઈ ગયું માનીને છોભીલો પડી, 'સોરી, સોરી... અંકલ...' કરવા માડે ત્યારે એનો ચહેરો જોવા જેવો હોય કે નહીં?

અહીં ધારણા વત્તા ઉતાવળના લીધે ગોટાળો સર્જાયો. રૂષભે ઉતાવળ ના કરી હોય તો ધારણા પ્રમાણે ચાલવાના બદલે સહેજ ધીરજ ધરી હોત તો બધું બરાબર ચાલતને ? 'ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર' એ કહેવત સ્કૂલ લેવલથી શીખ્યા હોવા છતાં ને અનેકાધિવાર વડીલોના મુખેથી, શિખામણ સ્વરુપે સાંભળી હોય છતાં ખરા ટાઈમે જ એ ભૂલી જવાય છે...

યાદશક્તિને ભૂલકણાપણાની આ તો વિચિત્રતા છે - ખાસિયત છે ને, યાર.... જે યાદ રાખવા જેવું હોય છે તે ભૂલી જવાય છે ને ઝટ ભૂલી જવું જોઈએ એ જડબેસલાક યાદ રહી જાય છે... બસ, એમાં જ બધી મોંકાણ મંડાતી રહે છે... કોઈની સાથે થયેલી બોલાચાલી - ઝઘડા, કોઈએ કરેલું અપમાન કે કહેલા કડવા બોલ... આ બધું ખરેખર તો ભૂલી જવાનું હોય... તો તબિયત ફક્કડ ને ફાઈન રહે... પણ માનવસ્વભાવની અવળચંડાઈ જ એવી છે કે આ બધું સ્મરણોની સંદુકમાં - યાદોની તિજોરીમાં સચવાઈને લાંબા સમય સુધી પડ્યું રહી પજવ્યા કરતું હોય છે... સામે છેડે, યાદ રાખવા સરખું ઘણું બધું આપણાથી સહજ ભૂલાઈ જવાય છે. જેમ કે, કોઈએ કરેલી મદદ, બીજાના ઉપકાર, સંતોનાં પ્રવચનો, વાંચેલા ને જીવનમાં ઉતારવા જેવા વાક્યો વગેરે વગેરે...

પણ ભાઈ, માણસનું તો એવું છે ને કે એ સમજે બધું પણ આચરે જુદું...!!

●●●

'કોરોનાના ભય વિના, સરકારના આદેશની ઐસીતૈસી કરીને, 'માસ્ક' વગર ફરનારાઓનું શું કરવું ?'

'આ વીર-બહાદુરોને તો પકડી પકડીને સરહદે મૂકી આવવા જોઈએ. મોતના ડર વિના ફરતા આ લોકો જાન હથેળી પર લઈ જીવતા - ઝઝૂમતા સૈનિકો જોડે શહીદ ભલે થતા.'

●●●

'યાર, માસ્ક ન પહેરનારાને એક હજારનો દંડ... વધારે પડતો ના કહેવાય? સામાન્ય માણસને ભારે ના પડે?'

'દંડ ભારે લાગતો હોય તો સાવ સાવ હલકો 'માસ્ક' પહેરે ! કોણ ના પાડે છે ! પસંદગી તો એણે જ કરવાની છે ને ?!

●●●

જૂની કહેવત છે : 'ટાઢ વાય સહુને, ના વાય વહુને...'

હવે રાજકારણીઓ, નેતાઓને, બિનધાસ્ત રેલીઓ, સમારંભો, મિટીંગો - બેઠકો, કાર્યક્રમો કરતા જોઈને નવી કહેવત પાડી શકાય : 'કોરોનાનો ડર સહુને, એક ના પોલીટિશિયનને...'

(ને એમને થાય તો લાગવગથી - ધાકધમકીથી એમને ટ્રીટેન્ટ પણ વીઆઈપી મળી રહેવાની ને !)

●●●

'આ જયોતિષાચાર્ય કહે છે કે હવે થોડા દિવસમાં ગ્રહો સુધરે છે. એટલે કોરોના જવાનો.. પણ કેસ તો રોજ રેજો વધે જાય છે...'

'એ તો ભાઈ, દીવો બુઝાવાનો થાય ત્યારે વધારે પ્રકાસ ફેંકે એવું છે!!' (આશા અમર છે.)